RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 290, Dt.26-2-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



## મહાશિવરાત્રીનાં અંતિમ સ્નાન સાથે આજે મહાકુંભનું સમાપન

### આખરી અમૃતસ્નાનમાં શ્રધ્ધાળુઓના ઘોડાપુર : પ્રારંભિક ત્રણ કલાકમાં જ ૨૫ લાખ લોકોની આસ્થાની ડુબકીઃ : યોગી આદિત્યનાથ સતત હાજરઃ આજે અંતિમ દિવસના સ્નાન બાદ કુલ આંકડો ૬૬ કરોડને આંબી જવાનુ અનુમાન

**મુખ્ય સમાચાર,પ્રયાગરાજ**

દોઢ મહિનાથી ચાલી રહેલા મહાકુંભનાં આજે સમાપન-અંતિમ દિવસે શ્રધ્ધાળુઓનો મહાસાગર ઉમટયો હતો. અત્યાર સુધીમાં મહાકુંભમાં પવિત્ર સ્નાન-ડુબકી લગાવનારાની સંખ્યા ૬૫ કરોડથી વધુ લોકો ડુબકી લગાવે તેવા અંદાજ સાથે આંકડો ૬૬ કરોડને આંબી જવાનું અનુમાન વ્યકત થઈ રહ્યું છે. આજે મહાશિવરાત્રીએ લાખોની સંખ્યામાં ભારે ભીડ વચ્ચે વ્યવસ્થા તંત્રને વધુ સતર્ક કરવામાં આવ્યું હતું.

મહાકુંભનાં અંતિમ દિવસે મહાશિવરાત્રીએ આજે ભકતોનું ઘોડાપુર ઉમટયુ હતું. આખરી અમૃતસ્નાનમાં સવારે પ્રારંભીક ત્રણ કલાકમાં જ ૨૫ લાખ જેટલા શ્રધ્ધાળુઓએ આસ્થાની ડુબકી લગાવી દીધી હતી.દિવસ દરમ્યાન આંકડો એક કરો.ડને પાર થઈ જવાનું માનવામાં આવી રહ્યું છે.

છેલ્લા ૧૦ દિવસથી દરરોજ સરેરાશ સવા કરોડ ભાવિકોએ પવિત્ર સ્નાન કર્યું હતું. આજે અંતિમ દિવસના સ્નાન બાદ કુલ આંકડો ૬૬ કરોડને આંબી જવાના અનુમાન વચ્ચે ૨૦૧૯ ની સરખામણીએ આ વખતે ભાવીકોની સંખ્યા અઢી ગણી વધારે થઈ છે. અમૃત સ્નાનનાં પાવીન દિવસો સિવાય સામાન્ય દિવસોમાં પણ શ્રધ્ધાળુઓનો મહાસાગર છલકાતો રહ્યો હતો.

૨૦૧૯ માં ૨૪ કરોડ લોકો કુંભ મેળામાં ઉમટયા હતા. તે મેળો ૫૫ દિવસનો હતો.આ વખતે ૪૫ દિવસનો મહાકુંભનાં આંકડો ૬૬ કરોડને વટાવી જશે. મહા શિવરાત્રીનુ અમૃતસ્નાન તથા સમાપનનો દિવસ હોવાથી જંગી સંખ્યામાં ભાવીકો ઉમટવાનાં અંદાજ વચ્ચે વહીવટી તંત્રને એલર્ટ મોડ પર રખાયુ હતું.

મુખ્યમંત્રી યોગી આદીત્યનાથના ખુદ ગોરખનાથ મંદીર સ્થિત મોનીટરીંગ રૂમમાંથી દેખરેખ રાખતા રહ્યા હતા. સુરક્ષા, સફાઈથી માંડીને તમામ વ્યવસ્થા પર સતત વોચ રાખવામાં આવી હતી. નો-વ્હીકલનો આદેશ જારી કરાયો હોવાથી પાર્કીંગની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી. મહિલા બાળકોની સુરક્ષા પર ફોકસ રાખવામાં આવ્યુ હતું.

આજે મહાશિવરાત્રીએ કાશીમાં લાખો ભકતોની સાથે સાથે અખાડાના સાધુ-સંતો અને ૧૦ હજાર જેટલા નાગા સાધુઓનું ઘોડાપુર ઉમટી પડયું હતું. સવારથી જ ગોદોલિયા ક્ષેત્ર હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયું હતું. મહા શિવરાત્રીએ કાશીમાં પ્રયાગરાજના મહાકુંભ જેવો અનોખો નજારો સર્જાયો હતો. હનુમાન ઘાટથી બાબા વિશ્વનાથના ધામ સુધી શ્રદ્ધાળુઓને ભવ્ય નજારો સર્જાયો હતો.


નાગા સાધુના આશીર્વાદ મેળવવા માટે લાખો ભકતો રાતથી જ રસ્તાના કિનારે ઉભા હતા. લગભગ ૨ લાખ ભકતો, ૩ કિલોમીટર લાંબી લાઈનમાં ઉભા હતા. રાત્રે ૨.૧૫ વાગ્યે બાબા વિશ્વનાથની મંગળા આરતી કરવામાં આવી હતી. બાબા વિશ્વનાથનો વરરાજાની જેમ શણગાર કરવામાં આવ્યો હતો. મહાકુંભ પર મહાશિવરાત્રીનો સંયોગ ૬ વર્ષ પછી બન્યો છે.

કાશી વિશ્વનાથ ધામમાં નાગા સાધુઓ પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી.

નાગા સંન્યાસીઓમાં ૭ અખાડાએ મહા શિવરાત્રીએ પોતાના આરાધ્ય બાબા વિશ્વનાથને જલાભિષેક કર્યો હતો. આચાર્ય મહામંડલેશ્વરની આગેવાનીમાં નાગા સાધુ બગી, ઘોડા અને વાહનોમાં સવાર થઈને અખાડાથી નીકળ્યા હતા.

ગંગાની લહેરો અને કાશીની ગલીઓમાં ડમરુના નિનાદ અને શંખનાદ સાથે નાગા સંન્યાસીઓની પેશવાઈ નીકળી તો લોકોએ હર હર મહાદેવના નારા લગાવ્યા હતા. નાગા સાધુઓની યાત્રીમાં બાળ નાગા સાધુઓએ તલવાર લહેરાવી સ્ટંટ કર્યા હતા.





### અંતિમ શાહી સ્નાન માટે ઉલ્હાસ

**અંતિમ દિવસે શ્રદ્ધાળુઓને પ્રયાગરાજના તમામ શિવ મંદિરોમાં જવાની છૂટ અપાશે. મહાકુંભના પ્રારંભે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૪૫ કરોડ શ્રદ્ધાળુઓના આગમનની આશા વ્યક્ત કરી હતી, જે ૧૧ ફેબ્રુઆરીએ જ પાર થઇ ગઈ. હાલ આંકડો ૬૫ કરોડને પાર કરી ગયો છે. હરીદ્વાર, ઉજ્જૈન, નાસીકમાં દર ચાર વર્ષે કુંભ મેળો યોજાય છે, જ્યારે પ્રયાગરાજમાં મહાકુંભ દર ૧૨ વર્ષે યોજાય છે. તેથી અંતિમ દિવસે પણ હજારો શ્રદ્ધાળુઓ ગંગા સ્નાન માટે ઉમટી રહ્યા છે. ત્રિવેણી સંગમ પર સતત સ્નાન ચાલી રહ્યું છે અને ઘાટ પર પગ મુકવાની જગ્યા પણ મળી રહી નથી. યુવાનો, વૃદ્ધો, શહેરી અને ગ્રામીણ શ્રદ્ધાળુઓ આ પવિત્ર ક્ષણનો લાભ લઈ રહ્યા છે.**

## કાર અકસ્માતમાં રાજયસભા સાંસદ મહુઆ માંઝી ગંભીર ઘાયલ

### પુત્ર, પુત્રવધુ અને કાર ચાલક પણ ઈજાગ્રસ્ત : મહાકુંભથી પરત ફરી રહ્યા હતા ત્યારે કાર ઉભેલા ટ્રક સાથે ટકરાઈ

**મુખ્ય સમાચાર,લાતેહાર**

રાજયસભા સાંસદ મહુઆ માંઝી એક માર્ગ અકસ્માતમાં ગંભીર ઘાયલ થયા હતા. આ અકસ્માતમાં તેમના પુત્ર, પુત્રવધુ અને ડ્રાઈવર ઘાયલ થયા છે. જેમાં મહુઆ માંઝીની ગંભીર હાલત છે.



આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ એક ઉભેલા ટ્રક સાથે રાજયસભા સાંસદની કાર ટકરાઈ હતી. દુર્ઘટનાની જાણ થતા જ લાતેહાર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને ૧૦૮ એમ્બ્યુલન્સથી ઘાયલોને લાતેહાર હોસ્પિટલે લાવવામાં આવ્યા હતા. જયાંથી પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે રાંચી રિમ્સમાં રિફર કરાયા હતા. સાંસદના પુત્ર સોમબીતે જણાવ્યું હતું કે અમે મહાકુંભથી પરત ફરી રહ્યા હતા ત્યારે નીંદર આવવાથી કાર એક ટ્રક સાથે ટકરાઈ હતી.ઘટના બાદ લાતેહાર પોલીસે તત્પરતા દાખવી અને તમામ ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સદર હોસ્પિટલ મોકલ્યા. જ્યાં ડોક્ટરો દ્વારા પ્રાથમિક સારવાર બાદ, તમામ લોકોને વધુ સારી સારવાર માટે રાંચી રિફર કરવામાં આવ્યા હતા. હાલમાં, બધા લોકો રાંચીની ઓર્કિડ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ડોક્ટરોએ કહ્યું છે કે સાંસદની છાતીનું સીટી સ્કેન કરવામાં આવી રહ્યું છે.

## અમેરિકાની નાગરિકતા માટે રૂા.૪૩.૫૫ કરોડમાં 'ગોલ્ડ કાર્ડ' યોજના જાહેર કરતા ટ્રમ્પ

### દુનિયાભરના સફળ - શ્રીમંતોને અમેરિકામાં વસવાટ માટે મહત્વાકાંક્ષી ઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામ : ૧૦ લાખ ગોલ્ડ કાર્ડ વેચવાની તૈયારી : ગ્રીનકાર્ડની લાઈનમાં રહેલા લાખો માટે આંચકો

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં વસતા ગેરકાનુની વિદેશી નાગરિકોને પ્લેનમાં બેસાડીને પરત મોકલવા અને નવો કોઈ ઘૂસણખોરી સર્જાય નહી તે હેતુથી સરહદી એન્ટ્રી પણ કડક બનાવ્યા બાદ હવે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાભરના અત્યંત ધનિકો માટે અમેરિકાના દ્વાર ખોલી નાખ્યા છે અને અમેરિકામાં ૫ મિલિયન ડોલર (રૂા.૪૩.૫૫ કરોડ)માં નગોલ્ડ કાર્ડથ યોજના જાહેર કરી છે.

આ માટે ટ્રમ્પ શાસને હાલની ઈબી-૫ વિસા કેટેગરીના સ્થાને આ ગોલ્ડ કાર્ડ યોજના અમલી બનાવી છે. આ પ્રકારે ૫૦ લાખ ડોલરનું રોકાણ કરનારને અમેરિકી નાગરિકતા અને તે પણ ફાસ્ટટ્રેક રૂટ પર મળશે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઓવેલ ઓફિસ ખાતેથી આ યોજનાની જાહેરાત કરતા કહ્યું કે અમો ગોલ્ડ કાર્ડ વેચવા જઈ રહ્યા છે.

જો તમારી પાસે ગ્રીન કાર્ડ હોય તો આ ગોલ્ડ કાર્ડ છે તેઓએ જણાવ્યુ કે દુનિયાના સફળ ધનવાનો જે અમેરિકી અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. તેઓ આ ગોલ્ડ કાર્ડ મારફત આવી શકે છે. ટ્રમ્પે જણાવ્યું કે તેઓ ધનવાન છે. તેઓ અમેરિકામાં મોટો ખર્ચ કરશે અને ઉંચો ટેક્ષ પણ ચૂકવશે અને અહી રોજગારી પણ આવશે અને અમો માનીએ છીએ કે આ યોજના અત્યંત સફળ થશે.

હવે ટ્રમ્પની આ નવી યોજના અમેરિકામાં ગ્રીનકાર્ડથી બચવા માંગતા લોકોને પણ આંચકો હશે. અમેરિકાના વ્યાપાર મંત્રી હોવાર્ડ લુટનિકે જણાવ્યું છે. આ નવો પ્રોગ્રામ ઈબી-૫ વિસાનું સ્થાન લેશે. આ વિસા હેઠળ અમેરિકાએ રોકાણ કરીને નાગરિકત્વ મેળવવાનો લાંબો પ્લાન છે જે હવે રદ કરાયા છે.

નવા ગોલ્ડ કાર્ડ એ અત્યંત મોટા રોકાણ કરવું જરૂરી બનશે અને તેથી ધનિકોનો એક મોટો વર્ગ જેઓ ભારતીયો છે તેઓ ઈબી-૫ પ્રોગ્રામ હેઠળ અમેરિકામાં વસવા માંગે છે તેવા ભારતીયો માટે પણ હવે આ રૂટ બંધ થયો છે.

ટ્રમ્પ પ્રશાસન ૧૦ લાખ ગોલ્ડ કાર્ડ પ્રથમ તબકકે નવેચવાથ માંગે છે. આ ઉપરાંત ઈબી-૫ પ્રોગ્રામ જેના મારફત ભારતીય પ્રોફેશનલ ગ્રીન-કાર્ડની લાઈનને બાયપાસ કરીને વધુ ઝડપથી અમેરિકી નાગરિકત્વ મેળવતા હતા તેઓને પણ હવે મુશ્કેલી સર્જાશે.



અમેરિકામાં ગ્રીનકાર્ડ માટેની લાઈન દશકાઓ લાંબી છે. જો કે અમેરિકી ટેક નિષ્ણાંતો માને છે કે આ પ્રકારે ફકત નાણાના આધારે નાગરિકતા એ અમેરિકાના ભવિષ્ય માટે જોખમી છે. સ્કીલ ધરાવતા કુશળ લોકોએ જ આજનું અમેરિકા સર્જ્યુ છે.

લાખો ટેલન્ટ વિદેશમાંથી આવીને અમેરિકામાં વસે છે અને સ્થાનિક અર્થતંત્રમાં પણ યોગદાન આપ્યુ છે પણ ૫ મિલિયન ડોલરના આધારે કોઈ ધનીક આવીને આજના અમેરિકાનું સર્જન કરી શકે તે વાત નિષ્ણાંતો સ્વીકારતા નથી.

## ભવનાથ મહાશિવરાત્રી મેળામાં ભાવિકોના ઘોડાપુર ઉમટ્યા : મધરાતે સમાપન

### વાહનોની આજે પ્રવેશબંધી : બપોર બાદ રાજયના ગૃહમંત્રી પૂજન બાદ અખાડાનાં સંતો - મહંતોની મુલાકાત લેશે : રવેડીના માર્ગો પાણીથી ધોઈ ચોખ્ખા કરાયા : રાત્રે ૯.૫૨ કલાકે મૃગીકુંડમાં સંતોનાં શાહી સ્નાન સાથે મેળાની પુર્ણાહુતી

**મુખ્ય સમાચાર,જુનાગઢ**

જુનાગઢ ભવનાથ તળેટીમાં પરંપરાગત રીતે શિવરાત્રીનો મેળો ભરાય છે. જેમાં લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડે છે. આ વર્ષે પણ લાખોની સંખ્યામાં ભાવિકો પુણ્યનું ભાથુ બાંધવા ભવનાથ તળેટીમાં છેલ્લા બે દિવસથી તળેટીમાં આવી પહોંચ્યા છે.

આજે રાત્રીના ભવનાથ મંદિર પાછળ જુના અખાડાના રવેડી બેન્ડવાજા સાથે નીકળશે જેમાં વિવિધ અખાડાઓના મહામંડલેશ્વરો થાનાપતિઓ સાધુ-સંતો નાગા સાધુઓ પોતપોતાના નિશાન સાથે રવેડીમાં જોડાશે પોતપોતાની ધર્મની ધજા નિશાન સાથે પાલખી યાત્રા નીકળશે.

આજે બપોરથી તમામ રોડ રસ્તાઓ બંધ કરી દેવાયા છે. બેરીકેટ ઉપરાંત રોડની બંને સાઈડોમાં થાંભલા ખોડી દોરીઓ બાંધી આડશ કરી દેવામાં આવી છે. બપોથી લોકો રવેડીના દર્શન માટે ધોમધખતા તાપમાં ગોઠવાઈ ગયા છે.

જે મોડી રાત સુધી ભુખ્યા તરસ્યા રવેડીના દર્શન માટે બેસી ગયા છે. રવેડીમાં પંચ દશનામ જુના અખાડાના દત્તાત્રેય ભગવાન આહવાન અખાડાના ગણેશજી, અગ્નિ અખાડાના વેદમાતા ગાયત્રીની પાલખી યાત્રા પર ગજ ધજા બેન્ડ વાજા સાથે નીકળશે તેના દર્શન કરવા ઉપરાંત નાગા સાધુઓના અંગે કસરતના દાવોમાં પોતાની ઈન્દ્રીયમાં લાકડી વીંટી તેના ઉપર અન્ય નાગા બાવા સાધુઓ ચડી વિવિધ દાવો તલવારબાજી, પટ્ટાબાજી કરતા જોવા માટે લોકો બપોરથી ગોઠવાઈ જવા પામ્યા છે.

ઈન્દ્રીય સાથે દોરી બાંધી વાહનોને ખેંચવાના અલૌકિક દ્રશ્યો જોવા ઉપરાંત કોઈના કોઈ વેશમાં ભગવાન શિવજી અહીં ચોકકસ આવે છે તેના દર્શન માટે દેશવરમાંથી ભાવિકો તળેટીના મેળામાં શિવરાત્રીના રાત્રીના અહીં આવે છે.

ભવનાથના મુખ્ય રસ્તા ઉપરથી રવેડી પસાર થઈ ભવનાથ મંદિરે દર્શન કરી મૃગીકુંડમાં શાસ્ત્રોકત વિધિ સાથે સ્નાન કરશે. શાહી સ્નાન બાદ મહા શિવરાત્રીના મેળાનું સમાપન કરવામાં આવશે.

રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ મેળામાં સહભાગી થયા છે. તેઓ શેરનાથ બાપુની જગ્યા, ભારતી આશ્રમ, ભવનાથ મંદિર સહિત ખાતે દર્શનાર્થે ગયા હતા અને સંતો-મહંતો, મહામંડલેશ્વરો, થાનાપતિઓ, ગાદીપતિઓની મુલાકાત લીધી હતી.

ભવનાથ મહંત હરિગીરી સહિતના સંતોની સાથે ચર્ચા વિચારણા કરી દર્શન કર્યા હતા ઉપરકાંત ચાપરડાના મહંત મુકતાનંદ મહારાજ, ગોરખનાથ આશ્રમના શેરનાથ બાપુ, વસ્ત્રાપસર મહાદેવ મંદિરના મહેશગીરી, હરિહરાનંદજી





(ભારતી આશ્રમ) રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના ઈન્દ્રભારતી બાપુ, પારસધામ ખાતે નમ્રમુનિ મહારાજની મુલાકાત લીધી હતી. અનેક અન્નક્ષેત્રોની મુલાકાત લઈ જાતનિરીક્ષણ કર્યુ હતું.

આજે શિવરાત્રીના પાવન પર્વ નિમિતે રાત્રીના ૧૨ કલાકે શાહી સ્નાન બાદ મેળાની પુર્ણાહુતિ થશે. મૃગીકુંડમાં શાહી સ્નાન કરવા હજારો સાધુઓ સ્નાન કરશે. ભવનાથ મંદિરમાં વિશેષ ફળ, ફુલ, શૃંગાર કરવામાં આવ્યા છે. જેમાં ૫૧ કિલો ફુલ ૧૨૫ કિલો ફુટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ભવનાથ મંદિરની પાછળ જુના અખાડાથી રવેડી રાત્રીના ૯ કલાકે બેન્ડવાજા સાથે નીકળશે તે દત્ત ચોકથી થઈ ઈન્દ્રભારતી બાપુના ગેઈટ સુધી જશે.

# જામનગરમાં ખેલ મહાકુંભ ૩.૦ અંતગર્ત સૌરાષ્ટ્ર ઝોન બહેનોની બાસ્કેટબોલ સ્પર્ધા યોજાઈ




જામનગર, ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા રમત ગમત અધિકારી, જામનગર શહેર દ્વારા સંચાલીત ખેલ મહાકુંભ ૩.૦ ૨૦૨૪-૨૫ અંતર્ગત સૌરાષ્ટ્ર ઝોનની બાસ્કેટબોલ અંડર ૧૭ વયજુથની બહેનોની સ્પર્ધાનું તેમજ સૌરાષ્ટ્ર ઝોનની બાસ્કેટબોલ બહેનોની ઓપન વયજૂથ સ્પર્ધાનું આયોજન આયોજન તા.૧૭ થી ૧૯ ફેબ્રુઆરી અને તા.૧૯ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન બાસ્કેટબોલ કોર્ટ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જિલ્લા પંચાયતની સામે, જામનગર ખાતે જીલ્લા રમત ગમત અધિકારી જામનગર શહેર દ્વારા કરવામાં આવ્યું હતું.સૌરાષ્ટ્ર ઝોન અંડર ૧૭ વયજુથની બહેનોની સ્પર્ધામાં સૌરાષ્ટ્ર ઝોનમાં આવતા જુદા-જુદા જિલ્લાઓની વિજેતા કુલ ૧૪ બહેનોની ટીમો અને ૧૬૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ રાજકોટ ગ્રામ્યની ટીમ અને દ્વિતીય ક્રમે જામનગર ગ્રામ્યની ટીમ વિજેતા થયા હતા જેઓ રાજ્યકક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધામાં ભાગ લેશે.ઓપન વયજુથની સ્પર્ધામાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓની ૧૨ ટીમો એમ કુલ ૧૪૪ ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમે ભાવનગર શહેર અને બીજા ક્રમે જામનગર શહેરની ટીમો વીજતા થતા આ ટીમો રાજ્યકક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધામાં ભાગ લેશે. તેમ જીલ્લા રમત ગમત અધિકારીશ્રી જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં છેતરપિંડીના ગુનામાં છ વર્ષથી વોન્ટેડ મહાઠગને બિહારથી ઝડપી લેતી તાલુકા પોલીસ

## આરોપી વિરૂધ્ધ છેતરપીડીના ઓરીસ્સા, તેલગંણા, હરીયાણા, મહારાષ્ટ્ર, રાજયોમાં ગુન્હા દાખલ થયેલ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ છેતરપિંડીના કેસનો વોન્ટેડ આરોપી કે જે છેલ્લા છ વર્ષથી નાસતો ફરતો હોય તે આરોપીને તાલુકા પોલીસ દ્વારા પૂર્વ બાતમીને આધારે બિહાર રાજ્યમાંથી પકડી લેવામાં આવ્યો છે, આ સાથે આરોપીને હસ્તગત કરી મોરબી તાલુકા પોલીસ મથક ખાતે લાવી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબી તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૯માં નોંધાયેલ છેતરપિંડી, વિશ્વાસઘાતની અલગ અલગ કલમો હેઠળના ગુનાનો આરોપી કૌશેલેન્દ્રકુમાર ઉર્ફે લલ્લુકુમાર રવિદ્રપ્રસાદ ઉર્ફે સુલતાના મહતો ઉવ.૨૯ રહે-ચકલાઈગામ તા.વરસાલીગંજ જી.નવાદા બિહાર વાળા છેલ્લા છયેક વર્ષથી નાસતા-ફરતા હોય જેને શોધવા તાલુકા પોલીસ મથક પીઆઇ એસ.કે.ચારેલની સૂચનાને આધારે હેડ કોન્સ. મહાવીરસિંહ અનીરૂધ્ધસિંહ પરમાર, કોન્સ. રમેશભાઈ રાજાભાઈ મુંધવા તથા શક્તિસિંહ કિશોરસિંહ જાડેજાની ટીમ બનાવી બિહાર રાજયના ચકવે તા.વરસાલીગંજ જી.નવાદા ખાતે તપાસમાં ગયા હોય, જયાં હ્યુમનસોર્સ તથા ટેકનીકલ વર્ક કરીને ઉપરોક્ત આરોપીને તેના ઘરેથી પકડી હસ્તગત કરવામાં આવ્યો હતો.



પકડાયેલ આરોપી કૌશેલેન્દ્રકુમાર ઉર્ફે લલ્લુકુમાર રવિદ્રપ્રસાદ ઉર્ફે સુલતાના મહતો વિરૂધ્ધ છેતરપીડીના મોરબી સહિત ઓરીસ્સા, તેલગંણા, ફરીદાબાદ(હરીયણા),મહારાષ્ટ્ર, રાજયોમાં પણ અલગ અલગ ગુન્હા દાખલ થયા હોવાનું તેમજ આ આરોપી ફોન કરીને ખોટી અલગ અલગ પેટ્રોલીયમ કંપનીના કર્મચારીઓની ઓળખ આપીને પેટ્રોલપંપનુ લાયસન્સ આપવાની તેમજ લોન આપવાની લાલચ આપતો હતો, આ સિવાય અલગ અલગ ઓનલાઈન સ્કીમની લાલચ આપી ફરીયાદી પાસેથી અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવીને છેતરપીડી આચરવાના ગુનાને અંજામ આપવાની ટેવવાળો છે.

વધુમાં મોરબી જીલ્લા પોલીસ દ્વારા મોરબીના તમામ પ્રજાજનોને સંદેશ આપવામાં આવે છે કે, કોઈપણ અજાણ્યા મોબાઈલ ફોન ઉપરથી ફોન આવેતો બેન્ક એકાઉન્ટની ડીટેઈલ્સ આપવી નહી તથા કોઈપણ લીક ઓપન નહી કરવી તેમજ કોઈ પણ સ્કીમની લાલચ આપે તો અજાણ્યા બેન્ક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરવા નહી તેમજ વોટસઅપ, ફેસબુક, ઈન્સટાગ્રામ એપ ઉપરથી અજાણ્યા માણસોના વિડિયો કોલ ઉપાડવા નહી તેમજ કોઈપણ અજાણ્યા મોબાઈલ નંબર ઉપરથી ફોન આવે તો નજીકના પોલીસ સ્ટેશન તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં જાણકારી આપવા જણાવવામાં આવ્યું છે.

# હળવદ પોલીસ દ્વારા રૂ.૧૦.૪૩ લાખના દેશી-વિદેશી દારૂના જથ્થાનો નાશ કરાયો

**મુખ્ય સમાચાર,મોરબી**




હળવદ પોલીસ સ્ટેશન દ્વારા વર્ષ ૨૦૨૪માં જપ્ત કરાયેલ ઈંગ્લીશ અને દેશી દારૂના મોટા જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. કુલ ૪,૭૮૫ ઈંગ્લીશ દારૂની બોટલો અને ૭૪૭ લીટર દેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો, જેની કુલ કિંમત ૧૦,૪૩,૮૩૧/- રૂપિયા હતી. હળવદ પોલીસ દ્વારા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ રેવન્યુ અને નશાબંધી વિભાગની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

હળવદ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહિબીશન હેઠળ જપ્ત કરાયેલા દારૂના જથ્થાને સત્તાવાર મંજૂરી બાદ નાશ કરવામાં આવ્યો હતો. ત્યારે મળતી માહિતી અનુસાર, મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી અને નાયબ પોલીસ અધિક્ષક (વાંકાનેર ડિવિઝન) સમીર સારડાએ ગેરકાયદેસર દારૂના જથ્થા પર કાર્યવાહી કરવા તથા સમયાંતરે તેને નષ્ટ કરવાની સૂચનાઓ આપી હતી. જે અનુસંધાને હળવદ પોલીસ મથકના પીઆઈ આર.ટી. વ્યાસ દ્વારા જરૂરી મંજૂરી મેળવી, હળવદ પોલીસ સ્ટેશનના ૨૫ ગુનાઓમાં જપ્ત કરાયેલા વિદેશી દારૂની ૪,૭૮૫ નંગ ઈંગ્લીશ દારૂની બોટલો તથા બીયર, જેની કુલ કિંમત રૂ. ૮,૯૪,૪૩૧/- અને ૮૦ ગુનાઓમાં જપ્ત ૭૪૭ લીટર દેશી દારૂ, જેની કિંમત રૂ.૧,૪૯,૪૦૦/- એમ કુલ રૂ. ૧૦,૪૩,૮૩૧/-ના પ્રોહિબીશન મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી હળવદ તાલુકાના સુખપર ગામની સીમ ખાતે, ડેમ તરફ જવાના રસ્તે ખુલ્લી જગ્યા પર, પોલીસ, રેવન્યુ વિભાગ અને નશાબંધી વિભાગના અધિકારીઓની હાજરીમાં કરવામાં આવી હતી. ત્યારે પંચોની ઉપસ્થિતિમાં જપ્ત દારૂ ઉપર રોડ રોલર ફેરવી તમામ મુદ્દામાલ નષ્ટ કરવામાં આવ્યો હતો.

# ખનિજ માફિયાઓ બેફામ: ખનીજ વિભાગની ટીમને ડમ્પર નીચે કચડી નાંખવાની ધમકી આપી

## બામણબોર પાસે ઓવરલોડ રેતી ભરેલ ડમ્પરને અટકાવતા ઘટી ઘટના; બે શખ્સો સામે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બામણબોર ચેક પોસ્ટ નજીકથી ઓવરલોડ રેતી ભરી પસાર થતાં ડમ્પરને અટકાવવા ખાણ ખનીજ વિભાગની ટીમે પ્રયાસ કરતાં ચાલકે ડમ્પર ભગાડ્યું હતું. જો કે, ટીમે પીછો કરી પકડી લીધાં બાદ ખનીજ માફિયા બંધુએ બોલાચાલી કરી ધમકી આપી ફરીવાર ડમ્પર ભગાડી દિધું હતું. બનાવ અંગે એરપોર્ટ પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં માઈન્સ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતાં હિતેષભાઈ સોલંકીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મનોજ કડવા સોલંકી, મહેશ કડવા સોલંકી (રહે. બંને હિરાસર) નું નામ આપતાં એરપોર્ટ પોલોસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગઈકાલે સવારે છ વાગ્યાની આસપાસ માઈન્સ સુપરવાઈઝર આશીષભાઈ પરમાર, સીક્યોરીટી ગાર્ડ પૃથ્વીરાજસિંહ ચૌહાણ, ડ્રાઈવર કુલદીપભાઈ ખાચર તથા રોહીતભાઈ શાક સાથે ખાનગી વાહન કાર નં-જીજે૦૩ ઈઇ ૬૫૮૦ માં અમદાવાદ-રાજકોટ હાઈવે પર ગેરકાયદેસર ખનીજ વહન કરતા શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન અમારી તેઓ રાજકોટ અમદાવાદ હાઈવે રોડ બંસલ પેટ્રોલ પંપ પાસે પહોંચેલ ત્યારે ચોટીલા તરફથી આવતાં એક ડમ્પરમાં રેતી ભરેલ હોય જેથી તેને રોડની સાઈડમાં ઉભુ રાખવા ઈશારો કરતા ડમ્પરના ચાલકે પોતાનું ડમ્પર ઉભું રાખ્યા વગર આગળ ચલાવવા લાગેલ હતો. જેથી તેઓએ કાર તેની સાથે કરી ડમ્પર ચાલકને અમે ખનીજ વિભાગના માણસો છીએ તમારૂં ડમ્પર ઉભુ રાખો તેમ જણાવતા ડમ્પર ચાલકે પોતાનું ડમ્પર બામણબોર જી.આઈ.ડી.સી તરફ જવાના રસ્તે વાળી હીરાસર ગામ તરફ લઈ ગયેલ અને ત્યા રોડ ઉપર વાહન ઉભુ રાખેલ હતું. બાદમાં ડ્રાઈવરની પુછપરછ કરતા પોતાનું નામ મનોજ કડવા સોલંકી જણાવેલ અને તેમા આશરે ૪૦ મેટ્રીક ટન રેતી હોવાનું જણાવેલ હતું. તેની પુછપરછ કરતા હતા તે દરમ્યાન ડમ્પરનો વહીવટ કરતા શખ્સ આવેલ જેને પોતાનું નામ મહેશ કડવા સોલંકી જણાવેલ હતું.

બાદમાં ફરિયાદીએ પોતાની કાર્યવાહી શરૂ કરી વાહન જમી અંગેનો કાગળ આપેલ અને ડમ્પર સુરેન્દ્રનગરના જગદીશભાઈ ખાંભલાનું હોય જેથી સીજર મેમામાં ડ્રાઈવરને સહી કરવાનું કહેતા પોતે સહી કરેલ નહીં અને ડમ્પર માલીક હાજર ન હોય જેથી ડમ્પરનો વહીવટ કરતા મહેશએ સીજર મેમામાં સહી કરેલ હતી. બાદમાં ડમ્પર પોલીસ સ્ટેશન લઈ જવાનું કહેતા મહેશ તથા ડ્રાઈવર મનોજ સ્ટાફને જેમ ફાવે તેમ બોલવા લાગેલ અને મહેશે ડ્રાઈવરને ગાડી લઈ જતા રહેવા તેમજ રસ્તા પર ઉલાળી ખાલી કરવા માટે જણાવેલ જેથી ડ્રાઈવર મનોજ ડમ્પર લઈ હીરાસર ગામ તરફ પોતાનું ડમ્પર લઈ ભાગી ગયેલ હતો.સ્ટાફે ડમ્પરનો પીછો કરતા આરોપી મહેશ ફરિયાદીની ગાડીમાં અડચણ રૂપ થઈ ડમ્પર ત્યાથી ભગાડી દિધેલ બાદ તેઓ હીરાસર ગામમાં ગયેલ ત્યા તેમના સગા વહાલાની મહીલાઓ વચ્ચે પડેલ હોય ત્યા પણ આ મહેશ બોલાચાલી કરવાં લાગેલ અને અહીંયાથી જતા રહો નહીંતર તમારા ઉપર ડમ્પર ચડાવી તમને જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી હતી. તેમજ સ્ટાફ સાથે રહેલ ગનમેન ઉપર હુમલો કરવાની કોષીશ કરી કારના પાછળના દરવાજા પર મહેશ પાટા મારવા લાગેલ જેથી તેઓ ત્યાથી નીકળી ગયેલ અને એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે આવેલ હતાં. બાદમાં આરોપી મહેશ પણ પોલીસ સ્ટેશન ખાતે આવેલ અને પોતાની ભુલ સ્વીકારી ડમ્પર પોલીસ મથકે લાવેલ હતો. ડમ્પર નં.જીજે ૧૩ એડ ૫૩૩૦ માં ઉપર લીલી જાજમ બાંધેલ હતી, અને ડમ્પરની અંદર છાણીયુ ખાતર ભરી રજુ કરેલ હતુ. ડમ્પરના ટાયરના વચ્ચેના ભાગમાં અને બોડી લેવલના ઉપરના ભાગમાં અને સાઈડના પતરાની કીનારી પર સાદી રેતી ખનીજ જોવા મળેલ હતી. જેથી સ્ટાફે સીજર મેમો ફરીયાદ સાથે પોલીસ સ્ટેશન ખાતે ઈન્વર્ડ કરાવેલ હતો.

તેમજ બંને શખ્સોએ જો તમે અમારા વિરૂધ્ધ ખનીજ ચોરીનો દંડ કરશો કે કોઈ ફરીયાદ કરશો તો અમે તમારા વિરૂધ્ધ ફરીયાદ કરીશું તેમ ધમકી આપી જતાં રહ્યાં હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# મોરબીમાં સાસુ અને સાળાએ ધમકી આપતા જમાઈનો આપઘાત

## રિસામણે ગયેલી પત્નીને પરત ન મોકલી સાસરિયાઓ આપતા હતા ત્રાસ

મોરબીના વીસીપરા વિસ્તારમાં નળિયાના કારખાનમાં રહેતા મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના વતની યુવાનના દોઢ વર્ષ પૂર્વે લગ્ન થયા બાદ પત્ની રિસામણે જતી રહી હોય તેમજ યુવાનના સાસુ અને સાળા ફોન કરી ગાળો આપી ધમકી આપતા યુવાનને લાગી આવતા આપઘાત કરી લેતા આ બનાવમાં મૃતક યુવાનના માતાની ફરિયાદને આધારે યુવાનના હસનપર વાંકાનેર રહેતા સાસુ અને સાળા વિરુદ્ધ મરવા મજબુર કરવા અંગે ફરિયાદ નોંધાઈ છે. આ કિસ્સામાં પોલીસે બન્નેની ધરપકડ કરી છે. બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલ સૌરાષ્ટ્ર નળિયાના કારખાનામાં ઓરડીમાં રહેતા મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના રાજચરાડી ગામના વતની રાજેશભાઈ કાંતિભાઈ સોલંકી ઉ.૨૨ નામના યુવાને ગઈકાલે પોતાના ઘેર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા આ બનાવ અંગે મૃતકના માતા ગીતાબેન કાંતિભાઈ સોલંકીએ પોલીસ સમક્ષ ચોંકાવનારી વિગતો જાહેર કરી પોતાના પુત્રને મરવા મજબુર કરનાર યુવાનના સાળા દેવાભાઈ જગદીશભાઈ ડાભી તેમજ સાસુ હંસાબેન જગદીશભાઈ ડાભી રહે.બન્ને હસનપર, વાંકાનેર વાળાઓ વિરુદ્ધ રાજેશભાઈને મરવા મજબુર કરવા અંગે ફરિયાદ નોંધાવી હતી. વધુમાં ફરિયાદી ગીતાબેને જાહેર કર્યું હતું કે, મૃતક રાજેશભાઈના દોઢ વર્ષ પૂર્વે પૂજાબેન જગદીશભાઈ ડાભી સાથે લગ્ન થયા હતા અને પૂજાબેન રિસામણે ચાલ્યા ગયા બાદ અવાર નવાર તેડવા જવા છતાં સાસરિયા મોકલતા ન હોવા ઉપરાંત સાળો દેવાભાઈ અને સાસુ હંસાબેન બીજું મકાન લેવા દબાણ કરી રાજેશભાઈને ગાળો આપી ધમકી આપતા હોવાથી તેમના પુત્ર રાજેશભાઈએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે સીટી બી ડિવિઝન પોલીસે મૃતકના સાસુ અને સાળા વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

# કોટડા સાંગાણીના મોટા માંડવા ગામે વૃદ્ધા પર બેલુ પડતા મોત

ગોંડલના મોટામાંડવામાં બેલુ માથે પડતા વૃધ્ધ મહિલાનું મોત નિપજયું હતું. કોટડાસાંગાણી તાલુકાનાં મોટામાંડવા ગામે ઘરમાં રહેલા વૃધ્ધા પર બેલુ પડતા માથામાં ગંભીર ઈજાને કારણે સારવાર માં ગોંડલ લઈ જતી વેળા રસ્તામાં તેનુ મોત નિપજ્યુ હતુ. પ્રાપ્ત વિગત મુજબ મોટામાંડવા રહેતા ગનુબેન રાયધનભાઈ ખાટરીયા ઉ.૭૫ બપોરનાં સુમારે પોતાનાં ઘરે હતા ત્યારે અચાનક ઉપરથી વજનદાર બેલુ માથા પર પડતા ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ગોંડલ લવાઈ રહ્યા હતા.ત્યારે રસ્તામાં તેમનુ મોત નિપજ્યુ હતુ. બાદમાં તેના મૃતદેહને પીએમ માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. મૃતક વૃધ્ધાને સંતાનમાં દિકરો અને દિકરી હોવાનુ જાણવા મળેલ હતુ. દિકરાનુ ૧૪ વર્ષ પહેલા મૃત્યુ થયુ હોય પૌત્રનાં પરીવાર સાથે રહેતા હતા.

# રાજકોટ-મોરબી હાઈવે પર નશાની હાલતમાં સ્ટંટ કરનાર કારચાલક પકડાયો



રાજકોટ-મોરબી હાઈવે પર નશાની હાલતમાં સ્વિફ્ટ કાર ચલાવી સ્ટંટ કરનાર યુવકને ટંકારા પોલીસ દ્વારા પકડી પાડવામાં આવ્યો છે. આ ઘટના બાદ તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. વાઈરલ વીડિયોના આધારે ટંકારા પોલીસ દ્વારા શોધખોળ કરીને આરોપી જાવેદભાઈ ઈસ્માઈલભાઈ સૈયાની ધરપકડ કરવામાં આવી છે. સાથે જ રૂ. ૩ લાખની કિંમતની સ્વિફ્ટ કાર જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો અનુસાર, રાજકોટ-મોરબી હાઈવે પર એક યુવાન નશાની હાલતમાં પોતાની સફેદ કલરની સ્વિફ્ટ કાર રજી.નં. જીજે-૩૬-એએલ-૩૦૪૭ લઈને સ્ટંટ કરી અન્ય વાહનચાલકોની જિંદગી જોખમમાં મૂકી હતી. આ ઘટનાનો વિડિયો કોઈએ રેકોર્ડ કરીને સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધો હતો, જેનાથી પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. ત્યારે મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, નશાની હાલતમાં બેફામ ગતિએ વાહન ચલાવનારા અને ટ્રાફિક નિયમોના ભંગ કરનારાઓ વિરુદ્ધ સખત કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હોય જે અનુસંધાને ટંકારા પોલીસ મથક ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ડેમી ડેમ-૨ પાસે બારનાલા નજીક, સ્વિફ્ટ કાર ચાલકે નશાની હાલતમાં એક આઈસર વાહન સાથે અકસ્માત કર્યો હતો, આ ઘટના બાદ આરોપી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો અને જેની તપાસ દરમિયાન સામે આવ્યું કે, ઉપરોક્ત સ્વીફ્ટ કારનો ચાલક આરોપી જાવેદભાઈ ઈસ્માઈલભાઈ સૈયા ઉવ.૩૨ રહે.મોરબી રણછોડનગરવાળો રાજકોટ-મોરબી હાઈવે પર પણ જોખમી રીતે કાર ચલાવી રહ્યો હતો. હાલ ટંકારા પોલીસે આરોપીને ઝડપી લઈ સ્વીફ્ટ કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# છોટી કાશી બની શિવમય, વહેલી સવારથી હર હર મહાદેવના નાદ ગુંજી ઉઠ્યા

## જામનગરમાં મહાશિવરાત્રીના પર્વને લઈને શિવ મદિંરોમાં સવારથી જ લાંબી કતારો જોવા મળી




જામનગર છોટે કાશીના ઉપનામથી પ્રચલિત એવા જામનગર શહેરમાં અનેક શિવાલયો આવેલા છે, ત્યારે મહાશિવરાત્રીના પાવનકારી પર્વને લઈને ભોળાનાથને રિઝવવા માટે વહેલી સવારથી જ અનેક શિવભક્તોએ જુદા જુદા શિવ મંદિરોમાં લાંબી કતાર લગાવી હતી. રુદ્રાભિષેક જલાભિષેક સહિતની પૂજા અર્ચના કરીને ભક્તોએ ભોળાનાથને રીઝવવાનો પ્રયત્ન કર્યો હતો.ભક્તોની ભારે ભીડ :છોટી કાશીનું બિરુદ્ધ પામેલા જામનગર શહેરમાં આવેલા પુરાણ પ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવ મંદિર, ભીડભંજન મહાદેવ મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, ઓમકારેશ્વર મહાદેવ મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, ગૌરીશંકર મહાદેવ મંદિર, નર્મદેશ્વર મહાદેવ મંદિર સહિતના અનેક શિવાલયોમાં આજે મહાશિવરાત્રીના પાવનકારી પર્વને લઈને વહેલી સવારથી જ દર્શનાર્થીઓની લાંબી કતારો જોવા મળી હતી.

# મોરબીમાં શિવરાત્રીના પાવન દિવસે રફાળેશ્વર મહાદેવના મંદિરે ભક્તોનું ઘોડાપૂર

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી તાલુકાના રફાળેશ્વર ગામે પૌરાણિક રફાળેશ્વર મહાદેવ નું મંદિર આવેલું છે જયાં મહાશિવરાત્રીને લઈને મેળાનું આયોજન કરવામાં આવેલુ છે.

આ મેળાના ઉદઘાટન સમયે મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેમજ મેળામાં એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ તેમજ પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે સાથે સાથે તમામ ભક્તો, શ્રદ્ધાળુઓ છે તે મંદિરમાં સારી રીતે દર્શન કરી શકે અને મહાશિવરાત્રીના મેળા માં સારી રીતે આનંદ ઉઠાવી શકે તે માટેની સુચારુ વ્યવસ્થાઓ જાંબુડિયા ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવી છે.હાલમાં મહાકુંભ ચાલી રહ્યો છે અને મહાશિવરાત્રીના દિવસે મહાકુંભના સંગમના પાણીમાં સ્નાન કરવાનું ખૂબ મહત્વ હોય છે ત્યારે આ લાભ અહીં રફાળેશ્વર આવતા તમામ ભક્તોને મળી રહે તે માટે ખાસ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે .જેના ભાગરૂપે અહીં રફાળેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં જે કુંડ આવેલો છે તે કુંડમાં પ્રયાગરાજ થી લઈ આવવામાં આવેલ પવિત્ર જળ અર્પણ કરવામાં આવશે જેથી જે શ્રદ્ધાળુઓ આવતા હોય છે અને તેઓને રફાળેશ્વર મહાદેવ ની સાથે સાથે ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યાનું પણ પુણ્ય મળી શકે તે માટેની આ વ્યવસ્થા કરવામાં આવી છે.

# જૂનાગઢમાં અધિક મદદનીશ ઈજનેર ૧૮ હજારની લાંચમાં ઝડપાયો

### ખેતીની જમીનમાં બાંધકામ કરવાના અભિપ્રાય આપવા લાંચ માંગેલી



**મુખ્ય સમાચાર,જૂનાગઢ**

જૂનાગઢમાં બિલખા રોડ ઉપર આવેલી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) ની ઓફિસમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતા મિલન ભરખડાને આજે જૂનાગઢ એસીબીએ ૧૮ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લઈને ધરપકડ કરી છે. એક અરજદાર પાસે ખેતીની જમીનમાં બાંધકામ કરવાના અભિપ્રાય આપવા માટે લાંચની રકમ માંગી હોવાનું સામે આવ્યું છે.

એક અરજદારની ખેતીની જમીનમાં બાંધકામ કરવા માટે રોડથી બાધકામ-નિયંત્રણ રેખા અંગેની માહીતીના પત્રની ખરાઈ કરી, અભિપ્રાય આપવા માટે માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) ની ઓફિસમાં અધિક મદદનીશ ઈજનેર (SO) તરીકે ફરજ બજાવતા મીલન ગીરીશભાઈ ભરખડા (રહે. શ્રીજી, બ્લોક નં.૨૫, મધુવન પાર્ક, મીરાનગર) એ ૨૦ હજારની લાંચની માંગણી કરી હતી. અને રકઝકના અંતે બે હજાર ઓછા આપવાનું કહીને ૧૮ હજારમાં નક્કી કર્યું હતું. જેથી અરજદારે જૂનાગઢ એસીબીનો સંપર્ક કરતા એસીબી પી.આઈ. જે. બી.કરમુર સહિતના સ્ટાફે આજે છટકું ગોઠવ્યું હતું, અને આજે અધિક મદદનીશ ઈજનેરને તેમની કચેરીમાંથી જ અરજદાર પાસેથી ૧૮ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો હતા, આ અંગે એસીબીમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે, અને તેની ધરપકડ કરીને વધુ તપાસ શરુ કરવામાં આવી છે.

# જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો.સ્વાગત કાર્યક્રમમાં આવેલ તમામ આઠ અરજીઓનો હકારાત્મક નિકાલ લાવી અરજદારોની સમસ્યાનું નિરાકરણ કરાયું



જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને શહેર મામલતદાર કચેરી જામનગર ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં કલેક્ટરએ અરજદારોને રૂબરૂ મળી તેઓના પ્રશ્નો સાંભળ્યા હતા અને તે પ્રશ્નોના નિરાકરણ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.સાથે જ જે અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ થઈ આવેલ તેઓને જરૂરી પ્રમાણપત્ર તથા હુકમોનું વિતરણ કર્યું હતું.આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કુલ આઠ જેટલા અરજદારોએ વૃદ્ધ સહાય, ગંગાસ્વરૂપ આર્થિક સહાય, પૂરના પાણીથી થયેલ નુકસાની અંગેની સહાય વગેરે બાબતોને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા જે તમામ પ્રશ્નોનું સ્થળ પર જ જરૂરી કાર્યવાહી કરી નિરાકરણ લવાયું હતું.

અરજદારોના પ્રશ્નોના નિરાકરણ લાવવાની સાથે કલેક્ટરએ અરજદારોના પરિવારની સ્થિતિ તેમજ આવક રોજગાર અંગેની માહિતી પણ મેળવી હતી.અને લાગુ પડતી હોય તેવી વિવિધ યોજનાઓની જાણકારી આપી તેનો લાભ લેવા અંગે અરજદારોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ સ્વાગત કાર્યક્રમમાં શહેર પ્રાંત અધિકારી પ્રશાંત પરમાર, મામલતદાર ડાભી, જામનગર મહાનગરપાલિકા, પોલીસ વિભાગ, પી.જી.વી.સી.એલ. વગેરે જોડાયા હતા.

# રાજકોટના શિવ મંદિરો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં મહાશિવરાત્રીની શ્રધ્ધા અને ભક્તિ સાથે ઉજવણી થઈ રહી છે. આજ સવારથી સુપ્રસિધ્ધ શિવાલયોમાં ભક્તોની ભીડ જોવા મળી રહી છે. શિવાલયોમાં ચાર પ્રહરની આરતી, અભિષેક, પૂજન-અર્ચન, રૂદ્ર યજ્ઞ, શિવ મહિમ્ન સ્તોત્ર સહિતના આયોજનોમાં ભકતો ભાગ લઈને જીવને શિવમાં પરોવવાનો પુરૂષાર્થ કરી રહ્યા છે.

આજે શિવભકતો ઉપવાસ સાથે શિવ આરાધના કરી રહ્યા છે. ઠેર ઠેર શિવ રથયાત્રાના આયોજનો થયા છે. ઠેર ઠેર ભાંગ પ્રસાદ વિતરણ કરવામાં આવી રહ્યું છે. હર હર મહાદેવના નાદથી શિવાલયો ગુંજી રહ્યા છે.

રાજકોટમાં જાણીતા શિવમંદિરો સ્વયંભુ રામનાથ મહાદેવ, પંચનાથ મહાદેવ, જાગનાથ મહાદેવ, મહાકાલેશ્વર, ધારેશ્વર મહાદેવ મંદિરમાં આજે વહેલી સવારથી ભકતોની ભીડ જોવા મળી રહી છે.

શિવરાત્રીના દિવસે એકલા જુનાગઢમાં જ એક હજાર કીલો ભાંગ શિવજીને પ્રસાદમાં ધરાશે. જયારે સૌરાષ્ટ્રભરના શિવાલયોમાં પણ મોટી સંક્યામાં ભાંગ ધરાશે શિવજીને માંગ પ્રવાહી સ્વરૂપમાં ધરવામાં આવે છે.

જે ભાંગ વાટીને પાણી કે દૂધમાં ઘોળીને પ્રવાહી બનાવવામાં આવે છે જે શિવજીને ધરાય છે. બાદમાં ભાવિકોને વિતરણ કરવામાં આવે છે. સૌરાષ્ટ્ર સહીત દેશભરના શિવાલયોમાં પણ આ પરંપરા પ્રચલીત છે.

મહાશિવરાત્રીની પૂર્વ સંધ્યાએ રામનાથ મહાદેવ મંદિર ને રોશની થી શણગારવામાં આવ્યું હતું રાત્રે મંદિર પરિસર રોશને કે જળ હળતા ભાવ ભાવિકો અને મંદિરના સંચાલક પરિવાર દ્વારા કેકર શો પણ યોજાયો હતો લાઈટિંગ અને કેકરશો જોઈ અને ભક્તો ભાવવિભોર થયા હતા.

## પ્રયાગરાજના દિવ્ય મહાકુંભમાં ત્રિવેણી સંગમ ખાતે આસ્થાની ડુબકી લગાવવી એક આહલાદક અનુભૂતિઃ ભૂપતભાઈ બોદર



રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભૂપતભાઈ બોદર એ એક અખબારી યાદી માં જણાવ્યું હતું કેમહાકુંભ ૨૦૨૫ સનાતન ધર્મની સમૃદ્ધ પરંપરાઓનું સન્માન કરતા, પવિત્ર મહાસ્નાન ના દિવસોમાં દિવ્ય, ભવ્ય અને ડિજિટલ મહાકુંભથ અને પપરમ કલ્યાણ કારી પ્રયાગરાજથ મહાકુંભના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વને ઉજાગર કરે છે.આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદીજી મુખ્યમંત્રી શ્રી યોગીજી દ્વારા ભારતીય ઋષિ સંસ્કૃતિ ને ઉજાગર કરતા અદભૂત અને અવિસ્મરણીય અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને સમગ્ર વિશ્વ ને અચંબિત કરનાર આયોજન થકી આ પરમ પાવન અને કલ્યાણકારી,દિવ્ય અને મોક્ષ દાયક પ્રયાગ રાજ તીર્થ ખાતે માંસ્રસ્ર ગંગાજી નસ્રમાંસ્રસ્ર યમુનાજી નસ્રમાંસ્રસ્ર સરસ્વતીજી ના પરમ કલ્યાણકારી ત્રિવેણી સંગમ ખાતે ઈષ્ટદેવ ની કૃપા થકી દુબઈ અને મુંબઈ ના સાથી મિત્રો રામી હોટેલ ગ્રુપ ના માલિક રાજ શેટ્ટી, એલ્કમ લેબ.વાળા દિપકકુમાર સિંઘ, વિકી પ્રજાપતિ, કાશ્મીરા સરનાયક ,પરિષા સરનાયક સાથે પિતૃઓના મોક્ષાર્થે તેમજ સર્વમનોકામનાર્સિદ્ધાર્થે સર્વે ના કલ્યાણાર્થે શ્રદ્ધા અને આસ્થા ની ડુબકીઓ લગાવી અને દિવ્ય અનુભૂતિ સાથે ધન્યતા અનુભવી.કુંભ મેળાની ઉત્પત્તિના મૂળમાં હિન્દુ પૌરાણિક કથાઓ છે. પ્રાચીન હિન્દુ શાસ્ત્રોમાં સમુદ્ર મંથન કથા અનુસાર, દેવતાઓ અને દાનવો અમૃત પાન કરી અમરતૃ પામવા માટે લડ્યા હતા. આ અવકાશી યુદ્ધ દરમિયાન, અમૃતના ટીપાં ચાર સ્થળો - પ્રયાગરાજ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિક - જ્યાં અત્યારે કુંભ મેળો યોજાય છે ત્યાં પડ્યાં હતાં, જેમાં મહાકુંભદર ૧૪૪ વર્ષે એક વાર પ્રયાગરાજમાં યોજાય છે. તે અપાર ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ ધરાવે છે. ત્રિવેણી તીર્થનાં ત્રણ પાસા- મહર્ષિ ભારદ્વાજ આશ્રમ, સ્નાન અને અક્ષયવડ ના સુંદર રીતે નિરૂપણ સાથે ટપાલ ટિકિટ પણ હાલ માં બહાર પાડવામાં આવી છે.અને આ પવિત્ર સ્નાન રાષ્ટ્રપતિ દ્રવપદી મુર્મુજી,વડાપ્રધાન મોદીજી ગૃહ મંત્રી અમિતશાહજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલજી વગેરે મહાનુભાવો એ કરેલ છે તેમ અંત માં પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભુપતભાઈ બોદર એ જણાવ્યું હતું.

## સરગમ ક્લબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧/૦૩/૨૦૨૫ ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્મે તા.૧/૦૩/૨૦૨૫ શનિવાર થી ૩/૦૩/૨૦૨૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધારકાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ વિનામૂલ્યે આપવામાં આવશે.આ કેમ્પ તા.૧/૦૩/ ૨૦૨૫ થી ૩/૦૩/૨૦૨૫ સુધી માર્ચ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૩/૨૫ શનિવાર ના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ



ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૩/ ૨૦૨૫ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

## ૨૭ ફેબ્રુઆરી ની ઓખા-બનારસ એક્સપ્રેસ આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળાને ધ્યાનમાં રાખીને, ભીડ વ્યવસ્થાપન માટે, ઉત્તર મધ્ય રેલ્વેએ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ઓખા-બનારસ એક્સપ્રેસ ટ્રેનને આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ પર ચલાવવાનો નિર્ણય લીધો છે. ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ એક્સપ્રેસ ૨૭.૦૨.૨૦૨૫ ના રોજ તેના નિર્ધારિત રૂટ વાયા કાનપુર-પ્રયાગરાજ-બનારસ ને બદલે આંશિક રીતે ડાયવર્ટ કરાયેલ રૂટ વાયા કાનપુર-લખનૌ-બનારસ થઈને દોડશે. આ ટ્રેન જે સ્ટેશનો પર નહીં જાય તેમાં પ્રયાગરાજ, જંઘાઈ અને ભદોહીનો સમાવેશ થાય છે. રેલ્વે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે ૂ.ચક્ષીશુ.શિક્ષમશફક્ષફિશહ.લજ્ઞદ.શક્ષ ની મુલાકાત લે જેથી કોઈ અસુવિધા ન થાય.

## પાટણવાવ ગામેથી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સજા

પાટણવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ગામમાં રહેતી સગીરાને ગઈ તારીખ ૧૬ ૩ ૨૦૨૪ ના રોજ મહારાષ્ટ્રનો ઔરંગાબાદનો અક્ષય ઉર્ફેલ લકી હીરામણ પવાર નામનો શખ્સ લલચાવી ફોસલાવી અપરણ કરી નાસી ગયો હોય જે અંગે પાટણવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ ધોરાજી ના સર્કલ તત્કાલીન પોલીસી ઈન્સ્પેક્ટર એએમહેરમાં પીએસઆઇ કે એમ ચાવડા હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈ તથા પ્રદીપભાઈ અને મહિલા પોલીસના ઉર્મિલાબેન સહિતના સ્ટાપે તપાસ હાથ ધરી આ શખ્સને મહારાષ્ટ્રમાંથી દબોચી લઈ ભોગ બનનાર સગીરાનો પીછો છોડાવી પરિવારને ભોપવામાં આવી હતી અને આ શખ્સને જલવાલે કરાયો હતો ત્યારબાદ કોર્ટમાં કેસ ચાલી જતા કોર્ટે આ શખ્સને ૨૦ વર્ષની સજા ફટકારી છે

## મહાશિવરાત્રીના દિવસે રાજકોટ મહાનગરપાલિકાના જાહેરનામાનો સરેઆમ ભંગ


### સનાતની હિન્દુઓ ની ધાર્મિક આસ્થા દુભાઈ : બિન શાકાહારી ખાદ્ય પદાર્થોનું ખુલ્લેઆમ વેચાણ ચાલુ : રાજકોટના જાગૃત નાગરિક તુષિત પાણેરી દ્વારા કરાયો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌ સનાતની હિન્દુઓ ની આસ્થા પૂરક ગણાતા દેવાહી દેવ મહાદેવ ભોળાનાથ ની ભક્તિ કરવાનો અનેરો અવસર એટલે મહાશિવરાત્રી , આજે શિવજી ની આરાધના કરીને શિવત્વ પામવાનો, મહાદેવ ના સાક્ષાત્કાર ની અનુભૂતિ કરવાનો અવસર છે , શિવ ભકતો આજે વહેલી સવાર થી શિવાલયો મા શિવભક્તિ માટે જઈને ધન્યતા અનુભવતા હોય છે . .

સનાતન હિન્દુ ધર્મ ના શાસ્ત્રો મા માંસ મટન ને વર્જિત અને અપવિત્ર ગણાવાયું છે , ત્યારે રાજકોટના સામાજિક અગ્રણી અને કાર્યકર તુષિત પાણેરીને માહિતી મળી કે ઝેપટો નામની એક ઓનલાઈન ફૂડ ડિલિવરી એપ્લિકેશન પર રૈયા ચોકડી થી આગળ જતાં આર કે આઈકોનિક બિઝનેસ સેન્ટર મા ઝેપટો નું વેર હાઉસ આવેલ છે જે ઓનલાઈન માંસ મટન ચિકન નું વેચાણ કરે છે જેથી તેઓએ આજે વહેલી સવારે સાડા છ વાગે ઝેપટો ફૂડ ડિલિવરી એપ્લિકેશન માથી ઓનલાઈન ચિકન ઓર્ડર કર્યો એટલે ઓર્ડર તરત જ એક્સેપ્ટ થઈ ગયો અને ઓર્ડર કર્યા ના માત્ર આઠ મિનિટ મા એક ફૂડ ડિલિવરી બોય તેમને ઓર્ડર ની થેલી આપી ગયો એટલે આ સાબિત થઈ ગયું કે રાજકોટ મહાનગર પાલિકા ના જાહેરનામા નો જે સુધારો ગઈકાલે કરવામા આવ્યો અને ભાજપ ના સત્તાધીશો ડીંગ હાંકી ઠેકડા મારતા હતા , તેની આંખ નીચે જ માંસ મટન ચિકન નું ખુલ્લેઆમ ઓનલાઈન વેચાણ થઈ રહ્યું છે , આ ઓર્ડર નું ઈન્વોઇસ બિલ પણ આ સાથે તેઓએ મોકલાવ્યું હતું આમ પણ સનાતની હિન્દુઓ ની ધાર્મિક આસ્થા સાથે રાજકોટ મનપા ના ભાજપ ના સત્તાધીશો દર વર્ષે ચેડા કરે જ છે તેઓ પાણેરીએ જણાવ્યું હતું , શિવજી ને પ્રિય પવિત્ર શ્રાવણ માસ મા પણ કતલખાના અને નોનવેજ ના વેચાણ પર આખા મહિના નો પ્રતિબંધ લગાવવા ને બદલે માત્ર ચાર સોમવાર પૂરતો જ પ્રતિબંધ હોવાનું સગવડિયું જાહેરનામું બહાર પાડે છે.

આજે મહા શિવરાત્રી ના પવિત્ર દિવસે આવી ફરીયાદ કરવી પડે તે પણ એક અતિ દુઃખ નો વિષય છે , આ









બાબતે મે રાજકોટ મનપા ના આરોગ્ય અધિકારી ડો જયેશ વાકાણી અને રાજકોટ મનપા કમિશનર તુષાર સુમેરા ને તમામ પુરાવા વિગતો મોકલી આપી હતી તેમજ આર એમ સી કમ્પલેન સેન્ટર મા ફરિયાદ પણ નોંધાવી છે તેમ તેઓએ જણાવ્યું હતું. રાજકોટ મનપા ના જાહેરનામા નો સરેઆમ ભંગ કરતી આ દુકાન ને સિલ કરી દેવામાં આવે તેમજ જો કાયદા મુજબ શક્ય હોય તો હિન્દુઓ ની ધાર્મિક લાગણી દુભાઇ હોવાથી આ સંદર્ભે પોલીસ ફરિયાદ કરવાની તેઓની પૂરી તૈયારી છે તેમ જણાવ્યું હતું.

## સોમનાથમાં મહાપૂજા સાથે મહાશિવરાત્રિ પર્વનો પ્રારંભ

**મુખ્ય સમાચાર,સોમનાથ**

આજે મહાશિવરાત્રિ પર્વે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ અને જૂનાગઢમાં ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ જોવા મળશે. મહાશિવરાત્રિ નિમિત્તે સોમનાથ મંદિર સતત ૪૨ કલાક સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લુ રહેવાનું છે. તો બીજી તરફ જૂનાગઢમાં ભવનાથ ક્ષેત્રમાં અલગ અલગ રાજ્યો તેમજ દેશ-વિદેશથી આવેલા નાગા સાધુઓ અલગ અલગ અખાડાઓના સંન્યાસીઓ, મહામંડલેશ્વરો રાત્રે રવેડીમાં જોડાશે. નાગા સાધુઓ સંન્યાસીઓ અને મહામંડલેશ્વરોની શાહી સવારી નીકળશે જેને જોવા કલાકો પહેલા જ ભાવિકો રોડ પર બેસી જશે.

સોમનાથ મહાદેવના પવિત્ર ધામમાં મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ભકતોનો પ્રવાહ ઉપસ્થિત થયો હતો. આજે વહેલી સવારે ૪:૦૦ વાગ્યે મંદિરના કપાટ ઉઘાડવામાં આવ્યા, ત્યારથી ભક્તોની ઉમટતી ભક્તિપ્રવાહ સાથે પૂજા-અર્ચનાનો કાર્યક્રમ સતત ચાલી રહ્યો છે.

મંદિરને વિશિષ્ટ ફૂલોથી શણગારવામાં આવ્યું હતું, જેના કારણે સમગ્ર પરિસર દિવ્ય તેજ અને ભક્તિભાવથી પ્રફુલ્લિત બન્યું. નૐ નમઃ શિવાયથ અને નજય સોમનાથથના ઘોષ સાથે સમગ્ર સોમનાથ પરિસર ગૂંજી ઉઠ્યું, અને ભકતોએ મહાદેવના દર્શનનો અનોખો આનંદ અનુભવ્યો.

સોમનાથ મહાદેવને પ્રાતઃ મહાપૂજન માં વિશ્વશાંતી અને વિશ્વ કલ્યાણ થાય એવી પ્રાર્થના કરવામાં આવેલી હતી. સોમનાથ મહાદેવની વિશેષ પ્રાતઃ શૃંગાર કરવામાં આવેલો હતો જેમાં સુંદર પીતાંબરો તેમજ વિશેષ ફુલના હારોનો ઉપયોગ કરવામાં આવેલો હતો.

મહાશિવરાત્રિ પર્વે સોમનાથ ટ્રસ્ટ દ્વારા દરેક ભક્ત પરિવાર નજીવા શુલ્ક સાથે પૂજાનો લાભ લઈ શકે તેવી ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના અંતર્ગત સોમનાથ મારુતિ બીચ ખાતે ૩૫૦૦થી વધુ ભક્તોને શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે પાર્થિવ શિવલિંગની પૂજા કરવામાં આવી હતી. વિશેષ રૂપે સમગ્ર ગીર સોમનાથ અને સૌરાષ્ટ્રના આહિર સમાજમાંથી આવતા સોમનાથ મહાદેવના ભક્તોએ પોતાનું પારંપરિત પહેરવેશ પહેરીને સંસ્કૃતિ સંરક્ષણના સંદેશ સાથે પાર્થિવેશ્વર પૂજનમાં જોડાયા હતા.

તેરા તુજકો અર્પણ

## ઉનામાં ગુમ થયેલ કે ખોવાઈ ગયેલ ૧૩ મોબાઈલ ફોન શોધી મુળ માલિકોને પરત અપાવતી પોલીસ

**મુખ્ય સમાચાર ઉના**
**અબ્દુલ પઠાણ**

જુનાગઢ રેન્જ ડી. આઈ.જી.પી.શ્રી નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી સાહેબ ઉના વિભાગ ઉના નાઓના આદેશ તથા ઉના પોલીસ સ્ટેશન થાણા અધિ.પોલીસ ઈન્સપેકટર એમ.એન.રાણા નાઓની સુચના તથા સેકન્ડ પો.ઈન્સ જે. જે. પરમાર સાહેબ તથા ઉના ઉત્તર ટાઉન ઈન્ચાર્જ પો.સબ.ઈ. એસ.બી.બોરીયા નાઓના માર્ગદર્શન મુજબ હાલના સમથમાં જાહેર જનતાના મોબાઈલ ગુમ ગઇ જાવાના તથા ખોવાય જવાના બનાવો વધુ પ્રમાણ માં બનતા હોય



જે અનુસંધાને જરૂરી કાર્યવાહી કરી અરજદારશ્રીઓને તેમના મોબાઈલ ફોન પરત અપાવવા બાબતે કર્તવ્યશીલ, કાર્યદક્ષતા અન્વયેઉના પોલીસ સ્ટેશનમાં ખુબજ ખંત અને મહેનત નિષ્ઠાપુર્વક ફરજ બજાતા એ એસ આઈ જગદિશભાઈ લઘરાભાઈ વાઘેલા તથા એ.એસ.આઈ મનુભાઈ પરબતભાઈ જાદવ તથા સર્વેલન્સ પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી શાંતિલાલ વેલજીભાઈ સોલંકી તથા પો.કોનસ શ્રી ભાવસિંહ ગોવીંદભાઇ પરમાર તથા તથા પો.કોન્સ સુનિલભાઈ કેશવભાઈ બાંભણીયા તથા રમેશભાઈ બાલુભાઈ બલદાણીયા તથા ના.પો.અધિ ઉના વિભાગમાં ફરજ બજાવતા પોહેડ કોન્સ દર્શીતભાઈ ભાણાભાઈ પરમાર એમ સંયુકત રીતે કામગીરીમાં જોડાઈ ફુલ મોબાઈલ નંગ-૧૩ કિંમત રૂપિયા ૦૨,૧૨,૩૯૩/-ના શોધી જે તે સ્થિતિમાં મુળઅરજદારશ્રીઓને સુપ્રત કરી પોલીસની સુંદર કામગીરી જોવા મળી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

